Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X



# 'કાન્તના પત્રો'માં 'કાન્ત' અને બ.ક.ઠા. વચ્ચેની સાહિત્યિક ચર્ચા

ધવલકુમાર કીર્તિકુમાર રાજ્યગુરુ
સીનીયર રીસર્ચ ફેલો,
ગુજરાતી વિભાગ, હેમ.ઉ.ગુ.યુનિ., પાટણ
મો. ૮૮૬૬૨૩૧૫૯૫

ડૉ. આરતીબેન જી. પટેલ
માર્ગદર્શક અને આચાર્યા,
ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા

**સારાંશ:**

'ખંડકાવ્ય'ના પિતા મણિશંકર રત્નજી ભટ્ટ એટલે કે કવિ 'કાન્ત' અને 'સોનેટ'ના પિતા બળવંતરાય કલ્યાણજી ઠાકોર (બ.ક.ઠા.) એટલે કે 'બલ્લુભાઈ' વચ્ચેની મૈત્રી ગુજરાતી સાહિત્યના રસિકો માટે અજાણ નથી. ગુજરાતી સાહિત્યના 'પંડિત યુગ'ના આ બંને સાક્ષરોએ ગુજરાતી સાહિત્યને એક નવા જ શિખર પર પહોંચાડી દીધું છે. અહીં આ સંશોધન લેખમાં 'કાન્તના પત્રો' પુસ્તકમાંથી કવિ 'કાન્ત' દ્વારા બ.ક.ઠા.ને લખાયેલા પત્રોનો એક સંનિષ્ઠ અભ્યાસ કરીને બંને વચ્ચે થયેલી સાહિત્યિક ચર્ચા પર એક અભ્યાસ કરવાનો સંશોધકનો મુખ્ય આશય છે. જીવનના સંઘર્ષોમાં અટવાયેલા કવિ 'કાન્ત' સાહિત્યસર્જનને ખૂબ ઓછું ખેડી શક્યાં. એમનો માત્ર એક જ કાવ્યસંગ્રહ 'પૂર્વાલાપ' એમના મૃત્યુના દિવસે પ્રગટ થયો. પરંતુ, આ એક ગ્રંથ જ એમને સાહિત્યફલક પર ચિરંજીવ સ્થાન અપાવી ગયો. એમના પત્રો જ એમનું જીવનચરિત્ર છે. આથી બની શકે કે, આ પત્રોમાં સાહિત્ય રચના પાછળનો કોઈ ભેદ ખુલે! બની શકે કે, આ પત્રોમાં તેમની રચનારીતિ અંગે કોઈ ચર્ચા મળે! બની શકે કે, એક બીજાની રચના અંગેનો ગમો-અણગમો પણ વ્યક્ત થતો જણાય! બની શકે કે, આ પત્રોમાં કવિ 'કાન્ત'નું એક વિવેચક તરીકેનું કાર્ય પ્રગટ થાય!– આ બધા ધ્યેયોને ધ્યાનમાં રાખીને આ સંશોધનાત્મક અભ્યાસ આદરવામાં આવે છે.

**ચાવીરૂપ શબ્દો:** **કવિ 'કાન્ત', મણિશંકર ભટ્ટ, બળવંતરાય ઠાકોર, કાન્તના પત્રો, ખંડકાવ્ય, સોનેટ.**

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

**પ્રસ્તાવના:**

'કાન્તના પત્રો' પુસ્તકના સંપાદિકા દર્શના ધોળકિયા પ્રસ્તાવનામાં જ 'કાન્ત' અને બ.ક.ઠા. વચ્ચેની મૈત્રી અંગેનો આંકડાકીય પુરાવો રજૂ કરે છે, તેઓ નોંધે છે કે, "આ પત્રોમાંના મોટાભાગના બળવંતરાયને (૨૧૨) જેટલા, ... લખાયા છે." (પૃ.૫) આ સામે બળવંતરાય દ્વારા કવિ 'કાન્ત'ના ૧૪૪ પત્રો એમના 'કાન્તમાલા' પુસ્તકમાં સંપાદિત થયા છે. સંપાદિકા નોંધે છે કે, બળવંતરાય તેમના સંપાદનમાં 'મણિશંકરનું જીવન એમના પત્રોમાં છે' કહીને કાન્તના પત્રોને જ એમનું જીવનચરિત્ર ગણાવે છે.(પૃ.૪) સંપાદિકા 'કાન્તમાલા'માં આરંભે મૂકાયેલો બળવંતરાયનો કવિ 'કાન્ત' અંગેનો અભિપ્રાય ટાંકે છે, જે નીચે મુજબ છે:

"ઝમાને ઝમાને કેટલીક સમર્થને, બુદ્ધિમાન અને સુકોમલ હૃદયની વ્યક્તિઓ મહામંથનમાં પડી જાય છે અને આપણાં તુચ્છ ત્રાજવાં માપી ન શકે એટલું વેઠે છે. તેમનો લગભગ આખો જીવનસ્રોત તીવ્ર દર્દમય જ વહે છે. પછીના ઝમાનાઓના કોઈ અનિર્વાચ્ય મહાર્દ હિતને માટે આમ બનતું હશે કે એનો શો ભેદ તે તો આ મનુષ્ય જીવનને હસ્તામલક્વત જોવા-જાણવાનો દાવો કરનારા સર્વજ્ઞ જેવા ફિલસૂફો કદાચ જાણતા હોય તો જાણતા હોય ! ... મ્હારો મિત્ર મણિશંકર ઈ.સ. ૧૮૯૫ થી ૧૯૨૦ સુધીની પચ્ચીસનો એવો જ એક મોટો 'કણ' હતો..."(કાન્તમાલા, પૃ. ૩૨૦)

પ્રસ્તુત અભ્યાસમાં કવિ 'કાન્ત' દ્વારા બ.ક.ઠા.ને લખાયેલા ૨૧૨ પત્રોમાંથી પસંદગીના અમુક પત્રોનો સમાવેશ કરાયો છે. આ પસંદગી એમના પત્રોની દીર્ઘતા અને સાહિત્યિક ચર્ચાના માપદંડોથી થઇ છે. કવિ 'કાન્ત' અને બળવંતરાય ઠાકોર વચ્ચેના અત્યંત મૈત્રીપૂર્ણ છતાં તીવ્ર સાહિત્યિક સંવાદને ઉજાગર કરે છે. આ પત્રોમાં થયેલી ચર્ચાઓને નીચે મુજબ અલગ-અલગ મુદ્દાઓમાં તારવવાનો પ્રયાસ કરાયો છે.

## ૧. પાશ્ચાત્ય સાહિત્ય અને વિવેચનનો પ્રભાવ

કવિ 'કાન્ત' અને બળવંતરાય ઠાકોર વચ્ચેના પત્રવ્યવહારમાં પાશ્ચાત્ય સાહિત્ય અને વિવેચનનો પ્રભાવ અત્યંત ઘેરો અને પાયાનો જોવા મળે છે. કાન્ત આ પત્રોમાં માત્ર પશ્ચિમના લેખકોના

નામ જ નથી ટાંકતા, પરંતુ તેમની વિચારસરણી અને કલાદ્રષ્ટિનો વિગતવાર વિશ્લેષણ પણ કરે છે.

કાન્તની વિવેચન દ્રષ્ટિ પર પાશ્ચાત્ય વિવેચકોની ઊંડી છાપ છે. કાન્ત સ્વીકારે છે કે તેમની કઠોર ટીકા પાછળ મેથ્યૂ આર્નોલ્ડના નિબંધોની અસર છે, જેના કારણે તેમને ઉચ્ચ પ્રકારની કલાત્મક શ્રેષ્ઠતા (artistic excellence) અશક્ય લાગવા માંડી છે. (પૃ.૪૦) તેમજ ઓસ્કાર વાઈલ્ડના વિવેચન પરના લેખથી કાન્ત અત્યંત પ્રભાવિત થયા હતા, જે તેમના કલા પ્રત્યેના અભિગમને ઘડવામાં મદદરૂપ થયો હતો. (પૃ.૩૨) સાહિત્યિક સર્જન અને વિશ્વને મધ્યમ સ્તરના સાહિત્યની જરૂરિયાત વિશે જોન મોર્લેની સલાહનો પણ કાન્ત ઉલ્લેખ કરે છે. (પૃ.૪૧)

કાન્ત માટે અમર સાહિત્યના માપદંડો પશ્ચિમની મહાન કૃતિઓ દ્વારા નક્કી થતા હતા. કાન્ત ગોથેના 'Faust' ને ઈશ્વર, પ્રકૃતિ અને મનુષ્ય વિશેના ગહન સત્યો માટે 'અમર' માને છે. તેઓ તેની તુલનામાં સમકાલીન ગુજરાતી કૃતિઓને ઓછી આંકે છે. (પૃ. ૬-૭) તો કાર્લાઇલને કાન્ત એક પ્રખર પ્રતિભાશાળી અને મૌલિક લેખક માને છે. કાર્લાઇલના 'Hero-worship' અને બર્ન્સ (Burns) પરના નિબંધોથી તેઓ પ્રભાવિત છે. (પૃ.૭, ૯ ,૧૯)

કાન્તની કાવ્ય સંવેદના પર અંગ્રેજી રોમેન્ટિક કવિઓનો સ્પષ્ટ પ્રભાવ છે. કાન્ત જણાવે છે કે, તેમની પાસે વર્ડ્ઝવર્થની કૃતિઓનો સંગ્રહ છે અને તેઓ તેના 'fountainheads' (મૂળ સ્ત્રોતો) વાંચવાનું પસંદ કરે છે. તેઓ વર્ડ્ઝવર્થના આત્મવિશ્વાસને પોતાના માટે પ્રેરણારૂપ માને છે. (પૃ.૯-૧૦) તેમજ કાન્ત શેલી(Shelley)ના 'Ozymandias' અને 'Prometheus Unbound' જેવી કૃતિઓની ઉદાત્ત ભાવના અને ભવ્યતાની પ્રશંસા કરે છે. એક સ્થાને તેઓ શેલીની જેમ જ 'શ્રેષ્ઠ ન બની શકાય તો કંઈ જ ન બનવું' એવો મિજાજ વ્યક્ત કરે છે. (પૃ.૬, ૪૧)

કાન્ત સાહિત્યિક વિભાવનાઓ અંગે ઠાકોર સાથે ચર્ચાઓ કરે છે. ટેનિસન (Tennyson) અને શેક્સપિયર (Shakespeare) ના પ્રેમ વિશેના મંતવ્યોને ટાંકીને કાન્ત માનવીય પ્રેમની ક્ષણભંગુરતા અને મર્યાદાઓ વિશે બળવંતરાય સાથે દલીલ કરે છે. (પૃ.૧૮) કાન્ત અંગ્રેજી કવિતાની સમૃદ્ધિની પ્રશંસા કરતા કહે છે કે આવી વિભૂતિ સંસ્કૃતમાં પણ દુર્લભ છે. તેઓ સંગીતને કવિતાનું અનિવાર્ય સાથી ગણાવે છે. (પૃ.૧૦) કાન્ત ડર વ્યક્ત કરે છે કે તેમની

પાશ્ચાત્ય તર્કશાસ્ત્ર (Logic) ભણવાની આદત કદાચ તેમની કાવ્યવૃત્તિને નુકસાન કરી રહી છે. (પૃ.૪)

આ સિવાય કાન્ત એમના પત્રોમાં જણાવે છે કે, તેઓ સ્કોટ (Scott) ની 'Waverly' અને 'Ivanhoe' તથા જ્યોર્જ ઈલિયટ (George Eliot) ની 'Adam Bede' જેવી નવલકથાઓના વાચનનો ઉલ્લેખ કરે છે. (પૃ.૧૧) તેઓ રોબર્ટ બર્ન્સના ગીતોના અત્યંત ચાહક છે અને તેનાથી પ્રભાવિત થઈને પોતે પણ 'સાચા કવિ' (True poet) બનવાનો નિર્ધાર કરે છે. (પૃ.૭, ૧૧, ૧૯)

આમ, કાન્ત માત્ર પશ્ચિમના સાહિત્યના વાચક નહોતા, પણ તેમણે તે સાહિત્યના ધોરણોને ગુજરાતી સાહિત્યમાં ઉતારવાનો સભાન પ્રયત્ન કર્યો હતો.

**૨. કલા વિભાવના અને 'Form' (ઘાટ) પર ભાર**

કવિ 'કાન્ત' અને બળવંતરાય ઠાકોર વચ્ચેના પત્રવ્યવહારમાં કલાની વિભાવના અને તેના 'ઘાટ' (Form) વિશે અત્યંત તાર્કિક અને ગહન ચર્ચાઓ જોવા મળે છે. કાન્ત માટે કવિતા એ માત્ર લાગણીઓનું પ્રદર્શન નથી, પરંતુ એક સુનિયોજિત કલાત્મક સંરચના છે.

કાન્ત કાવ્યસર્જનની પ્રક્રિયામાં 'ઘાટ'ને સર્વોપરી સ્થાન આપે છે. તેઓ સ્પષ્ટપણે સ્વીકારે છે કે સર્જન સમયે તેમનું પ્રથમ અને મુખ્ય લક્ષ્ય 'Form' (ઘાટ) હોય છે. તેમના મતે કવિતામાં વિષયવસ્તુ કરતા તે વિષયને કેવી રીતે આકાર આપવામાં આવ્યો છે તે વધુ મહત્વનું છે. ક્યારેક તેઓ કાવ્યની યોજનામાં ફેરફાર કરે તો પણ અગાઉ તૈયાર કરેલા કલાત્મક અંશોને માત્ર તેના ઘાટના સૌંદર્યને કારણે છોડવા તૈયાર થતા નથી. (પૃ.૩૨)

કાન્તની કલા વિભાવનામાં પ્રતીકો (Symbols) કોઈ હેતુહીન વસ્તુ નથી, પરંતુ તે વાસ્તવિક કલાત્મક સાધનો છે. (પૃ.૩૨) તેઓ માને છે કે પ્રતીકો કવિની મરજી મુજબ કોઈ પણ બાબતનું સૂચન કરી શકે છે અને ઘણીવાર તેઓ તેના અર્થને નિશ્ચિત કરવાને બદલે તેને ભાવકના અર્થઘટન પર છોડી દે છે. (પૃ.૩૨) કાવ્યમાં પ્રતીકોનો પ્રયોગ એ તેમના માટે કલાના 'રહસ્યો' (Secrets of art) સમાન છે. (પૃ.૩૨)

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

કલામાં વાસ્તવિકતા અને સૌંદર્ય વચ્ચેના સંઘર્ષમાં કાન્ત સૌંદર્યની તરફેણ કરે છે. બળવંતરાય જ્યારે સમુદ્રના મોજામાં તારાઓના પ્રતિબિંબ જેવી 'અતાર્કિક' બાબતો પર ટીકા કરે છે, ત્યારે કાન્ત દલીલ કરે છે કે કળામાં આવી 'અચોકસાઈ' (Inaccuracy) ને તે 'વિધાયક સૌંદર્ય' (Positive beauty) માં ફેરવી શકે છે. (પૃ.૩૩) તેમના મતે સ્વપ્નો કુદરતના નિયમો તોડી શકે છે, તેથી સમુદ્રના તળિયે તારાઓ દેખાવા તે કલાની દ્રષ્ટિએ એક 'વિશિષ્ટ પ્રગતિ' (Distinct advance in Art) છે. (પૃ.૩૩) જો કે, કાન્તની કલા દ્રષ્ટિમાં સૌંદર્ય અને ઔચિત્ય એકબીજાથી અલગ નથી. તેઓ માને છે કે 'સૌંદર્ય'ની વિભાવનામાં જ 'ઔચિત્ય' (Fitness) નો સમાવેશ થઈ જાય છે. કવિતામાં જે સુંદર છે તે યોગ્ય જ હોવું જોઈએ, અને જે યોગ્ય છે તે જ કલાત્મક રીતે સુંદર બની શકે છે. (પૃ.૪૧)

કાન્ત માટે કવિતા એ માત્ર શબ્દોનો સમૂહ નથી, પણ એક લયબદ્ધ ગોઠવણી છે. તેઓ માને છે કે કવિતા એકસાથે સંપૂર્ણ રીતે અવતરતી નથી, પરંતુ તે પંક્તિઓ અને અર્ધ-પંક્તિઓમાં પકડાય છે, જેમને પાછળથી 'લયબદ્ધ રચનાના નિયમો' (Rules of rhythmic composition) મુજબ જોડવામાં આવે છે. (પૃ.૩૩) અને સંગીત વિશે તેમનો અભિપ્રાય છે કે, તેઓ સંગીતને કવિતાનો 'આત્મા' (Essence) નથી માનતા; પરંતુ તેને કવિતાનો 'શાશ્વત અને અનિવાર્ય સાથી' (Eternal & necessary accompaniment) ગણાવે છે. (પૃ.૧૦)

કાન્ત પત્રોમાં વારંવાર પોતાની સર્જન પ્રક્રિયા વિશે આત્મમંથન કરે છે. તેઓ સ્વીકારે છે કે ઘણીવાર તેમનું 'અમલીકરણ' (Execution) તેમની 'વિભાવના' (Conception) કરતા નબળું પડે છે. (પૃ.૩૩) તેમની તર્કશક્તિ (Analytic spirit) તેમની કાવ્યવૃત્તિ માટે ક્યારેક વિનાશક સાબિત થાય છે, જેનાથી તેઓ ડરે છે. આ સંઘર્ષ એક સભાન કલાકારની શ્રેષ્ઠતા મેળવવાની મથામણ દર્શાવે છે. (પૃ.૪)

આમ, કાન્તની કલા વિભાવનામાં 'ઘાટ' (Form), 'સૌંદર્ય' (Beauty), અને 'પ્રતીકો' (Symbols) નો સમન્વય જોવા મળે છે, જે તે સમયની પરંપરાગત કવિતા કરતા ઘણી આગળ હતી.

## ૩. સમકાલીન સાહિત્યનું મૂલ્યાંકન

કવિ 'કાન્ત' અને બળવંતરાય ઠાકોર વચ્ચેના પત્રવ્યવહારમાં તત્કાલીન ગુજરાતી સાહિત્ય અને સાહિત્યકારો વિશે અત્યંત નિખાલસ, કઠોર અને તાર્કિક મૂલ્યાંકનો જોવા મળે છે. કાન્ત તે સમયના સ્થાપિત સાહિત્યકારોની કૃતિઓને પશ્ચિમના ઉચ્ચ ધોરણો સાથે સરખાવીને તેનું વિશ્લેષણ કરે છે.

- **ગોવર્ધનરામ ત્રિપાઠી અને 'સ્નેહમુદ્રા'નું વિવેચન**

કાન્ત 'સ્નેહમુદ્રા' વિશે અત્યંત સ્પષ્ટ અને ક્યારેક નકારાત્મક અભિપ્રાય ધરાવે છે. તેઓ 'સ્નેહમુદ્રા'ને સ્પષ્ટપણે ખામીયુક્ત (emphatically defective) ગણાવે છે. તેમના મતે તેમાં ઘણું બધું અકુદરતી, અસંભવિત અને અતાર્કિક (unnatural, improbable, absurd) છે. (પૃ.૬) બંધારણીય રીતે કાવ્યના વિવિધ ભાગોને જોડતી કડીઓ પરાણે જોડેલી અને ઘણીવાર પ્રતિકૂળ લાગે છે. (પૃ.૬) 'સ્નેહમુદ્રા'માં છંદ અને લય વિશે તેઓ માને છે કે ગોવર્ધનરામમાં છંદોબદ્ધ રચનાની કુશળતાનો અભાવ છે અને તેમની પંક્તિઓમાં કર્કશતા જોવા મળે છે. (પૃ.૬)

આટલી ટીકા છતાં, કાન્ત ગોવર્ધનરામની વિદ્વત્તા, સંવેદનશીલતા અને ઉચ્ચ વિચારસરણીનો સ્વીકાર કરે છે. તેઓ સ્વીકારે છે કે, ગોવર્ધનરામમાં મૌલિકતા છે, પણ તેમની કૃતિ 'Faust' કે 'In Memoriam' જેવી મહાન કૃતિઓની હરોળમાં ઊભી રહી શકે તેમ નથી. (પૃ.૬) તેમના મતે, 'સ્નેહમુદ્રા' કોઈ પ્રબળ લાગણીનું પરિણામ નથી, તેથી તે મહાન કૃતિ બની શકી નથી. જો લાગણી હોય છતાં અભિવ્યક્તિ નબળી હોય, તો તેઓ ગોવર્ધનરામને 'કુદરતી કવિ' માનવા તૈયાર નથી. (પૃ.૭)

- **સમકાલીન સર્જકો વિશેનો અભિપ્રાય**

કાન્ત નરસિંહરાવ દિવેટિયા પ્રત્યે આદરભાવ ધરાવે છે, જોકે બળવંતરાય સાથે તેમના વિશે મતભેદ છે. કાન્ત નરસિંહરાવને બળવંતરાયની ધારણા કરતા પણ વધુ સારા વિવેચક માને છે. (પૃ.૩૪) તેઓ સ્વીકારે છે કે, નરસિંહરાવ પણ તેમના વિશે ઊંચો અભિપ્રાય ધરાવે છે. કાન્ત પોતાની અને બળવંતરાયની મૈત્રીની સરખામણી નરસિંહરાવ અને નારાયણ હેમચંદ્રના સંબંધ સાથે કરે છે. (પૃ.૫, ૩૪)

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

આ સિવાય કાન્ત અન્ય સમકાલીન સર્જકો વિશે પોતાના મંતવ્યો અંગે ઠાકોરને લખે છે. તેઓ વડોદરામાં મણિલાલ નભુભાઈ દ્વિવેદી સાથે થયેલી મુલાકાત અને વાતચીતનો ઉલ્લેખ કરે છે, જે સાહિત્યિક આદાનપ્રદાન સૂચવે છે. (પૃ.૩૪) રમણભાઈ નીલકંઠની કૃતિની શરૂઆત કાન્તને પસંદ પડતી નથી અને તે બાબતે તેઓ બળવંતરાયના અભિપ્રાય સાથે સહમત થાય છે. (પૃ.૩૪)

- **સમકાલીન ગુજરાતી કવિતાની મર્યાદાઓ**

કાન્તને તે સમયની ગુજરાતી કવિતામાં કેટલીક પાયાની જરૂરિયાતોની ખોટ વર્તાય છે. જેમાં પહેલી ખોટ ચિત્રાત્મકતાનો અભાવ છે. તેઓ ફરિયાદ કરે છે કે ગુજરાતી કવિતામાં જે જીવંત અને સ્પષ્ટ ચિત્રો (vivid, bright clear cut images) હોવા જોઈએ, તે તેમને મળતા નથી. (પૃ.૪૨) બીજી ખોટ એ કે લોકોમાં હજુ પણ કાવ્યમાં ગેયતા વધુ લોકપ્રિય છે. તેઓ ઉલ્લેખ કરે છે કે, લોકો 'વસંતવિજય' કરતા અન્ય કૃતિઓને શ્રેષ્ઠ માને છે. (પૃ.૧૯)

કવિતાના પ્રકાર વિશે કાન્ત પોતાનો અભિપ્રાય જણાવતા કહે છે કે, તેઓ લાંબા કાવ્યો કરતા ટૂંકા, સચોટ, મધુર, અર્થપૂર્ણ અને શક્તિશાળી ગીતોને વધુ પસંદ કરે છે, જે છંદ અને લયની દ્રષ્ટિએ સંપૂર્ણ હોય. તેઓ માને છે કે શ્રેષ્ઠ કવિતા ગીત સ્વરૂપે જ હોવી જોઈએ. (પૃ. ૬, ૧૧)

આમ, કાન્ત સમકાલીન સાહિત્યના માત્ર પ્રેક્ષક નહોતા, પણ એક સભાન અને અપેક્ષાઓથી ભરેલા વિવેચક હતા. તેઓ ગુજરાતી સાહિત્યમાં પશ્ચિમ જેવી 'કલાત્મકતા' અને 'ચોકસાઈ' ઈચ્છતા હતા.

## ૪. કવિતા અને છંદ (Metre)

કવિ ‘કાન્ત’ અને બળવંતરાય ઠાકોર વચ્ચેના પત્ર-સંવાદમાં છંદ અને કવિતાની રચનારીતિ એ ચર્ચાનો કેન્દ્રવર્તી વિષય રહ્યો છે. કાન્ત માત્ર છંદોના જાણકાર જ નહોતા, પણ કવિતામાં તેના પ્રયોગો અને લય વિશે અત્યંત સભાન હતા.

કાન્તના પત્રો પરથી સ્પષ્ટ થાય છે કે, બળવંતરાય ઠાકોર તે સમયે છંદોમાં નવા પ્રયોગો અને સુધારણા માટે મથતા હતા. કાન્ત તેમના પત્રમાં બળવંતરાયના 'Scheme of metrical reform'

(છંદ સુધારણાની યોજના) નો ઉલ્લેખ કરે છે અને જણાવે છે કે, તેઓ આ યોજનાનો ગંભીરતાથી અભ્યાસ કરવા માંગે છે. (પૃ.૧૭) બળવંતરાય દ્વારા આપવામાં આવેલા છંદ વિશેના સૂચનોને કાન્ત સ્વીકારે છે અને કહે છે કે, તેમની આગામી કૃતિઓમાં તે સૂચનોનો અમલ થયેલો જોવા મળશે. (પૃ.૪)

કાન્ત કવિતામાં છંદ અને સંગીતના સ્થાન વિશે બહુ સ્પષ્ટ દ્રષ્ટિકોણ ધરાવતા હતા. આગળ નોંધ્યું તેમ, તેઓ સંગીતને કવિતાનો 'આત્મા' (essence) નથી માનતા, પરંતુ તેને કવિતાના એક 'શાશ્વત અને અનિવાર્ય સાથી' (eternal & necessary accompaniment) તરીકે સ્વીકારે છે. (પૃ.૧૦) તેમના મતે, કવિતા એ આખી એકસાથે નથી રચાતી પણ તે પંક્તિઓ અને અર્ધ-પંક્તિઓમાં (lines and half lines) પકડાય છે. જેને પછીથી 'લયબદ્ધ રચનાના નિયમો' (rules of rhythmic composition) મુજબ જોડવામાં આવે છે. (પૃ.૩૩)

બન્ને મિત્રો વચ્ચે છંદના અક્ષરોની લઘુ-ગુરુતા અને ઉચ્ચારણથી પેદા થતા નાદસૌંદર્ય વિશે ખૂબ જ ઊંડી ચર્ચા થતી. છંદપ્રયોગ અંગેની એક ચર્ચામાં કાન્ત 'શિખરિણી' છંદમાં લવચીકતા (malleability) અને તેનાથી પેદા થતા મધુર લયની પ્રશંસા કરે છે. (પૃ.૪૨) તેઓ બળવંતરાયની પંક્તિઓમાં 'jarring music' (કર્કશ સંગીત) અથવા શબ્દોના ખોટા સ્થાપન (false position) ને પકડી પાડે છે અને તેને કવિતાનો મોટો દોષ ગણે છે. (પૃ.૪૦) આ ઉપરાંત, 'નિરાશ' જેવા શબ્દોના ઉચ્ચારણમાં ક્યાં ભાર મૂકવો જેથી છંદ વધુ શક્તિશાળી લાગે, તેની તાર્કિક ચર્ચા પત્રોમાં જોવા મળે છે. (પૃ.૪૧-૪૨)

કાન્ત અન્ય કવિઓની કૃતિઓને છંદની કસોટીએ ચડાવે છે. ગોવર્ધનરામ ત્રિપાઠીની ટીકા કરતા તેઓ કહે છે કે, તેમની શ્રેષ્ઠ ગણાતી રચનાઓમાં પણ છંદોબદ્ધ ગોઠવણીમાં બિનકુશળતા (unskilfullness in metrical composition) અને પંક્તિઓમાં કર્કશતા (harshness) જોવા મળે છે. (પૃ.૬)

કાન્ત છંદ અને કાવ્યભાવનો સંબંધ અંગે એકદમ સ્પષ્ટ છે. તેમના માટે છંદ એ માત્ર માળખું નથી પણ ભાવને વ્યક્ત કરવાનું સાધન છે. તેઓ માને છે કે કવિતામાં કલ્પનાના ચિત્રો જેટલા સ્પષ્ટ હોય એટલો જ છંદનો પ્રવાહ કુદરતી અને પ્રવાહમય (simple & spontaneous) હોવો

જોઈએ. જો કાવ્યમાં સાચી લાગણી (genuine passion) હોય, તો તેની ભાષા અને છંદ ક્યારેય કૃત્રિમ લાગતા નથી. (પૃ.૭)

આમ, કાન્તની કવિતામાં જે છંદોબદ્ધ પ્રૌઢિ જોવા મળે છે, તેની પાછળ બળવંતરાય સાથેનો આ તાર્કિક પત્ર-સંવાદ અને છંદ વિશેની તેમની અત્યંત સૂક્ષ્મ દ્રષ્ટિ રહેલી છે.

**૫. ખંડકાવ્યોના સંદર્ભો**

કાન્તના પત્રોમાં તેમના બે સર્વોત્તમ ખંડકાવ્યો, **'વસંતવિજય'** અને **'ચક્રવાક મિથુન'**, વિશેની ચર્ચાઓ અત્યંત મહત્વપૂર્ણ છે. આ પત્રો દ્વારા આ કાવ્યોના સર્જન પાછળનો હેતુ, કવિની માનસિકતા અને બળવંતરાય ઠાકોરની ટીકા સામે કવિનો બચાવ સ્પષ્ટ થાય છે.

- **'વસંતવિજય' સંદર્ભે**

'વસંતવિજય' કાવ્યના પાયામાં પાંડુની પૌરાણિક કથા રહેલી છે, જેને કાન્ત એક વિશેષ દ્રષ્ટિકોણથી મૂલવે છે. 'વસંતવિજય' મોકલવાની પૂર્વભૂમિકા રૂપે તેઓને કેટલીક પાશ્ચાત્ય કલાત્મક કૃતિઓનું વાચન અત્યંત સહાયક બન્યું હતું. (પૃ.૧૦) કાન્ત એ પણ કબૂલ કરે છે કે, 'વસંતવિજય' એ માત્ર એક પૌરાણિક કથા નથી, પરંતુ તે તેમના અંગત લાગણી અને અનુભવોનું પરિણામ છે. (પૃ.૧૭) તેઓ પાંડુના નૈતિક સંઘર્ષને માનવીય મર્યાદાના ઉદાહરણ તરીકે જુએ છે. આ સંદર્ભમાં તેઓ લેટિન સૂત્ર ટાંકે છે: *"Video meliora probogua deteriora sequer"* (હું શ્રેષ્ઠને જાણું છું અને તેને બહાલી આપું છું, પણ હું અધમનું અનુકરણ કરું છું). (પૃ.૪) તેઓ બળવંતરાયની ટીકા સામે બચાવ કરતા જણાવે છે કે, આ કાવ્ય ઉન્માદ કે પાગલપણાની સ્થિતિમાં નથી લખાયું, પણ માનવીય નબળાઈ પ્રત્યેની સહાનુભૂતિથી લખાયું છે. (પૃ.૪) માત્ર આટલું જ નહિ પણ બળવંતરાય જ્યારે આ કાવ્યમાં ભાગ્યને (fate) બદલવા કે અન્ય રીતે વળાંક આપવા સૂચન કરે છે, ત્યારે કાન્ત તેને અપ્રસ્તુત ગણી ફગાવી દે છે. (પૃ.૧૭)

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

➢ **'ચક્રવાક મિથુન' સંદર્ભે**

કાન્તના 'ચક્રવાક મિથુન' વિશેના પત્રો તેના વર્ણનો પાછળના ગૂઢ અર્થને સ્પષ્ટ કરે છે. કાવ્યમાં આવતું ઘોર અંધકાર અને રાત્રિનું વર્ણન તે યુગલનું વાસ્તવિક વર્ણન નથી, પણ સાંજ હોવા છતાં વિરહના ભયથી પ્રણયી યુગલને જે ભાસ (visions) થાય છે તેનું વર્ણન છે. (પૃ.૧૩) "અનુભવે, ન છતાં, ક્ષણ એક તે" પંક્તિ દ્વારા કાન્ત સમજાવે છે કે, વિરહનો વિચાર એટલો પ્રબળ છે કે રાત્રિ પડ્યા પહેલા જ તેઓ વિરહના દુઃખ અને કઠોર ચીસોનો સાક્ષાત્કાર અનુભવે છે. (પૃ.૧૩) આ કાવ્યમાં તેમની ફિલોસોફી પણ ગર્ભિત રહી છે. (૧૩) તેમના પત્રોથી એ સ્પષ્ટ થાય છે કે, કાવ્ય પ્રસિદ્ધ કરતા પહેલા બળવંતરાયની ટીકાની તેઓ પ્રતીક્ષા કરે છે અને તેમાં જરૂરી ફેરફાર કરવા માટે પણ તૈયાર છે. (પૃ.૧૩)

પત્રોમાં આ બંને કૃતિઓની પરસ્પર સરખામણીના અંશો પણ જોવા મળે છે. કાન્ત નોંધે છે કે, ઘણા લોકો 'વસંતવિજય'ને 'ચક્રવાક મિથુન' કરતાં ઉતરતું માને છે. (પૃ.૧૯) જ્યારે બળવંતરાય 'ચક્રવાક મિથુન'ને 'વસંતવિજય' થી ચડિયાતું નથી માનતા- આ વાતથી તેઓ આશ્ચર્ય અનુભવે છે અને આ દિશામાં વધુ સુંદર રચનાઓ કરવા પ્રેરાય છે. (પૃ.૨૦)

**<u>૬. મૈત્રી અને પરસ્પર વિવેચન</u>**

કવિ ‘કાન્ત’ અને બળવંતરાય ઠાકોર (સેહની) વચ્ચેની મૈત્રી માત્ર બે વ્યક્તિઓનો સ્નેહસંબંધ નથી, પરંતુ ગુજરાતી સાહિત્યના બે મહારથીઓ વચ્ચેનો એક જીવંત બૌદ્ધિક અને સાહિત્યિક સંવાદ છે.

‘કાન્તના પત્રો’ પરથી કહી શકાય કે, કાન્ત અને બળવંતરાય વચ્ચેની મૈત્રી પરસ્પર આદર અને સાહિત્યિક પ્રેરણા પર ટકેલી છે. કાન્ત મુક્ત મને સ્વીકારે છે કે બળવંતરાયની સહાનુભૂતિ અને પ્રોત્સાહન તેમને એવા સમયે મળ્યું જ્યારે તેમને તેની સૌથી વધુ જરૂર હતી. (પૃ.૫) તેઓ બળવંતરાયને એ વ્યક્તિ તરીકે જુએ છે જેણે તેમને કાવ્યકલાના "realms of gold" (સુવર્ણ પ્રદેશો) માં મુસાફરી કરવા પ્રેર્યા હતા. (પૃ.૫) બળવંતરાયને તેઓ પોતાના "શિક્ષક અને પુરોગામી" (teacher & forerunner) તરીકે સંબોધે છે. (પૃ.૪૧) કાન્ત તેમના પત્રોમાં

બળવંતરાય માટે 'My dear Balvant', 'Dear Baloo bhai', 'Baloobhai mia' – જેવા સંબોધનો પ્રયોજે છે.

બંને મિત્રો વચ્ચે જે વિવેચન ચાલતું તે અંગત પૂર્વગ્રહોથી મુક્ત અને સાહિત્યિક સત્યની શોધ માટે હતું. કાન્ત માને છે કે આપણા જેવા માણસો માટે 'તાર્કિક વિવેચન' (rational criticism) હંમેશા આવકાર્ય છે. (પૃ.૪૦) વિવેચન ક્યારેક કાને કઠોર લાગે તો પણ તેને સહન કરવાની અને તેમાંથી શીખવાની તૈયારી બંનેમાં જોવા મળે છે. (પૃ.૪૦) તેઓ માને છે કે, વિવેચનનો ઉદ્દેશ્ય કલાકારમાં રહેલી વિવેચન શક્તિને જગાડવાનો અને તેના આદર્શોને ઊંચા લઈ જવાનો હોવો જોઈએ. (પૃ.૪૦)

પત્રોમાં બંને મિત્રો એકબીજાની કૃતિઓ પર તીખી અને સચોટ ટિપ્પણીઓ કરે છે. પરસ્પરના આ પત્ર-વિવેચનના અમુક ઉદાહરણો જોઈએ.

- **કાન્ત દ્વારા બળવંતરાયની ટીકા**: બળવંતરાયની છ પંક્તિઓનું વિશ્લેષણ કરતા કાન્ત તેના 'કર્કશ સંગીત' (jarring music) અને શબ્દોની ખોટી ગોઠવણી વિશે કઠોર ટીકા કરે છે. જો કે, બાદમાં તેઓ સ્વીકારે છે કે તેમની આ ટીકા મેથ્યુ આર્નોલ્ડના વાંચનથી પ્રભાવિત થઈને કદાચ વધુ પડતી કઠોર હતી. (પૃ.૪૦)
- **બળવંતરાય દ્વારા કાન્તની ટીકા**: બળવંતરાયે કાન્તનાં કાવ્યો (જેમ કે 'વસંતવિજય' કે 'ચક્રવાક મિથુન') માં રહેલી ભૂલો પર આંગળી ચીંધી છે, જેમાંથી અમુકમાં કાન્ત નમ્રતાપૂર્વક બચાવ કરે છે તો અમુકનો સ્વીકાર કરે છે. (પૃ.૪, ૧૭, ૩૩)

પરસ્પર વિવેચનને કારણે કાન્ત ક્યારેક આત્મસંશયમાં પણ મુકાતા જોવા મળે છે. બળવંતરાયની ટીકાની પદ્ધતિ એટલી સફળ રહી છે કે કાન્ત પોતાની અનેક કૃતિઓને 'નગણ્ય' (little worth) માનવા લાગે છે. (પૃ.૪૧) ક્યારેક તેઓ એટલા નિરાશ થઈ જાય છે કે તેમને લાગે છે કે તેમની બધી મથામણ માત્ર 'stepping stones' (પગથિયાં) બનવા માટે જ છે. (પૃ. ૪૧)

બંને વચ્ચેના સાહિત્યિક મતભેદો છતાં તેમની મૈત્રી અત્યંત ગાઢ જણાય છે. કાન્ત લખે છે કે, આપણે બંને "એક જ પવિત્ર મંદિરમાં ઘૂંટણિયે પડીને પૂજા કરીશું," જે કલા પ્રત્યેની તેમની

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

અતૂટ શ્રદ્ધા દર્શાવે છે. (પૃ.૫) બળવંતરાયની માંદગી વિશે જાણીને કાન્ત અત્યંત ચિંતિત થઈ જાય છે. (પૃ.૨૦) કાન્ત પોતાની નબળાઈઓ, અહંકાર અને મથામણો બળવંતરાય સામે નિખાલસતાથી વ્યક્ત કરે છે. (પૃ.૧૦, ૨૦)

**ઉપસંહાર:**

આ પત્રો સાબિત કરે છે કે કાન્તની કાવ્યદ્રષ્ટિ પશ્ચિમના ઉચ્ચતમ સાહિત્યિક માપદંડોથી ઘડાયેલી હતી. મેથ્યુ આર્નોલ્ડ, ગોથે, અને વર્ડ્ઝવર્થ જેવા સર્જકોના પ્રભાવ હેઠળ તેઓ ગુજરાતી કવિતામાં એક પ્રકારની "કલાત્મક શ્રેષ્ઠતા" (artistic excellence) લાવવા મથતા હતા. કવિતામાં ‘ઘાટ’ (Form) ની સર્વોપરિતા અને સંગીતને તેના ‘અનિવાર્ય સાથી’ તરીકે સ્વીકારવાની તેમની દ્રષ્ટિએ ગુજરાતી કવિતાને પરંપરાગત ઢાંચામાંથી મુક્ત કરી. કાન્ત અને બળવંતરાય વચ્ચેનો આ પત્રવ્યવહાર માત્ર બે મિત્રોનો સંવાદ નથી, પરંતુ ગુજરાતી સાહિત્યના ‘પૂર્વાલાપ’ યુગના ઘડતરની પ્રયોગશાળા છે. કાન્ત બળવંતરાયને પોતાના "ગુરુ અને પુરોગામી" (teacher & forerunner) ગણીને તેમની પાસેથી તાર્કિક વિવેચનની અપેક્ષા રાખે છે. આ મૈત્રીમાં રહેલી નિખાલસતાને કારણે જ કાન્ત પોતાની કલાના રહસ્યો અને મથામણો બળવંતરાય સામે રજૂ કરી શક્યા છે. કાન્તની કલા વિભાવનામાં "સૌંદર્ય" (Beauty) એ "ઔચિત્ય" (Fitness) થી અલગ નથી. બળવંતરાયની વાસ્તવિકતાવાદી ટીકાઓ સામે કાન્તનો બચાવ એ કલાકારની પોતાની સ્વાયત્તતાનો વિજય છે. તેઓ માને છે કે કલામાં ક્યારેક અતાર્કિકતા પણ "વિધાયક સૌંદર્ય" (positive beauty) પેદા કરી શકે છે, જે આપણને તેમના ‘ચક્રવાક મિથુન’ અને ‘વસંતવિજય’ જેવી કૃતિઓમાં જોવા મળે છે.

‘કાન્તના પત્રો’ પુસ્તક દ્વારા પ્રાપ્ત થતો આ પત્ર-સંવાદ ગુજરાતી સાહિત્યિક વિવેચનનો સુવર્ણકાળ છે. આ પત્રો દ્વારા સમજાય છે કે કાન્તની કવિતામાં જે વેદના, સંયમ અને પ્રૌઢિ છે, તેની પાછળ એક જાગ્રત કલાકારનું સતત આત્મમંથન અને એક સચોટ વિવેચક મિત્રની કસોટી રહેલી છે. આ સંશોધન લેખ દ્વારા સ્પષ્ટ થાય છે કે ગુજરાતી ખંડકાવ્યોના શિખર સમાન ‘પૂર્વાલાપ’ ના સર્જનમાં બળવંતરાય ઠાકોર સાથેનો આ સાહિત્યિક વિમર્શ એક પાયાના નિમિત્ત તરીકે કાર્ય કરી ગયો છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

**સંદર્ભગ્રંથ:**

ભટ્ટ, મણિશંકર. *'કાન્તના પત્રો'.* સંપા. દર્શના ધોળકિયા. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર. પ્રથમ આવૃત્તિ- ૨૦૦૯.